આકાશવાણી ભુજ

સમાચાર વાચક : આશુતોષ અંતાણી

ડીઇઓ : પ્રદીપ ચાવડા

તારીખ : **16-08-2024** સમય : સવારે **6.50** વાગ્યે

---------------------------------------------------

## ઇસરો : SSLVની લોચિંગ

સ્મોલ સેટેલાઇટ લોન્ચ વ્હીકલ - SSLV ની ત્રીજી વિકાસલક્ષી ઉડાન આજે સવારે 9.17 મિનિટે સતીશ ધવન સ્પેસ સેન્ટર, શ્રીહરિકોટાથી લોન્ચ કરવામાં આવશે. આ લોન્ચ સાથે, SSLV વિકાસ પ્રોજેક્ટનું કાર્ય પૂર્ણ થશે અને ભારતીય ઉદ્યોગ અને NSIL દ્વારા સંચાલિત મિશન કાર્યરત થશે. લોન્ચના છ કલાક પહેલા કાઉન્ટડાઉન શરૂ થશે. આ પ્રક્ષેપણ વાહન 10 થી 500 કિલો વજનના નાના, સૂક્ષ્મ અને અલ્ટ્રા-મિની ઉપગ્રહોને લોન્ચ કરી શકે છે. મિશનનો ઉદ્દેશ SSLV વાહન પ્રણાલીઓની ઉડાન દર્શાવવાનો અને EOS-08 ઉપગ્રહ અને SR-0 ડેમોસેટ પેસેન્જર ઉપગ્રહને 475 કિમીની પરિભ્રમણકક્ષામાં મૂકવાનો છે.

**RNU** વેબસાઇટ

---------------------------------------------------

## સ્વાતંત્ર્ય પર્વ : રાષ્ટ્ર

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 78મા સ્વાતંત્ર્ય પર્વની દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. લાલ કિલ્લા પરથી દેશને સંબોધતા શ્રી મોદીએ કહ્યું, સ્વતંત્રતા દિવસે પ્રાણની આહૂતિ આપનારા અને આજીવન સંઘર્ષ કરનારા લોકોને યાદ કરીએ. પ્રધાનમંત્રીએ ઉંમેર્યું, અમે કોઈ પણ રાજકીય મજબૂરીના કારણે નહીં, પરંતુ નેશન ફર્સ્ટની ભાવનાની સાથે પરિવર્તન કર્યા છે, જેમાં સૌથી મોટું ઉદાહરણ બેન્કિંગ ક્ષેત્રમાં થયેલું પરિવર્તન છે.

શ્રી મોદીએ કહ્યું, આ વર્ષે પ્રાકૃતિક આપત્તિના કારણે જીવ ગુમાવનારા પીડિતોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરીએ છીએ. તેમણે ઉંમેર્યું, દેશની રક્ષા અને નિર્માણ કરનારા ખેડૂતો, જવાનો, યુવાનો, માતા-બહેનો, વંચિત વર્ગના લોકોની દેશ પ્રત્યેની નિષ્ઠા વિશ્વ માટે પ્રેરણા છે.

**RNU અમદાવાદ**

---

## સ્વાતંત્ર્ય પર્વ : રાજ્ય

ગુજરાતમાં ખેડા જિલ્લાના નડિયાદ ખાતે રાજ્યકક્ષાનો સ્વાતંત્ર્ય પર્વ સમારોહ યોજાયો હતો. રાષ્ટ્રધ્વજ ફરકાવ્યા બાદ લોકોને સંબોધતા

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે વિકસીત ભારત 2047ની સંકલ્પનાને સાકાર કરવા માટે ગુજરાત અગ્રેસર રાજ્ય બનશે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે ગુજરાતે વિવિધ વિકાસલક્ષી તેમજ કલ્યાણકારી યોજનાઓ દ્વારા સર્વાંગી વિકાસનો માર્ગ મોકળો કર્યો છે.. મુખ્યમંત્રીશ્રીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'નેશન ફર્સ્ટ'ના મૂલ્યો સાથે આત્મનિર્ભર અને વિકસિત રાષ્ટ્રનું નિર્માણ કરવાના વિઝનને સાકાર કરવા પ્રતિબદ્ધતાનું આહ્વાન કર્યું હતું.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## સ્વાતંત્ર્ય પર્વ : કચ્છ

દેશભરની સાથે ગઇકાલે સરહદી કચ્છ જીલ્લામાં ૭૮ માં સ્વાતંત્ર્ય દિનની જોશભેર ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લા કક્ષાનો મુખ્ય કાર્યક્રમ કચ્છના આર્થિક પાટનગર ગણાતા ગાંધીધામ ખાતે યોજાયો હતો. રાજ્યના ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂતે ગાંધીધામના રમતગમત સંકુલ ખાતે તિરંગાને સલામી આપીને ૭૮મા સ્વાતંત્ર્ય પર્વની નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી હતી.

પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં ઉદ્યોગ, લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, કુટિર, ખાદી અને ગ્રામોઉદ્યોગ, નાગરિક ઉડ્ડયન, શ્રમ અને રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપૂતે કચ્છની ખમીરીને બિરદાવી જણાવ્યું કે, કચ્છમાં અત્યાર સુધી વાવાઝોડા, દુકાળ અને ભયાનક

ભૂકંપ જેવી કુદરતી આપત્તિઓ આવી છે. કચ્છના લોકોએ હંમેશા જુસ્સાભેર આ આફતોનો સામનો કર્યો છે.

કચ્છની વિકાસયાત્રાની વાત કરતા મંત્રીશ્રીએ ભૂકંપ બાદ કચ્છમાં થયેલો વિકાસ, નર્મદાનું પાણી આવવાથી કચ્છના લોકોના જીવનમાં આવેલ મહત્વપૂર્ણ પરિવર્તનો, રણોત્સવ, પતંગોત્સવ જેવા ઉત્સવો અને કચ્છીઓની  હસ્તકલાને કારણે પ્રવાસનના હબ તરીકે કચ્છની આગવી ઓળખ વગેરેનો ઉલ્લેખ કર્યો હતો.

રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે કચ્છ વિશ્વમાં મુખ્ય કેન્દ્ર બની રહેશે તેવા વિશ્વાસ સાથે શ્રી રાજપૂતે જણાવ્યું કે, સૌથી મોટો 30  ગીગા વોટનો સોલાર-વિન્ડ એનર્જી પાર્ક કચ્છમાં આકાર લઈ રહ્યો છે. જે સમગ્ર વિશ્વમાં રિન્યુએબલના ક્ષેત્રને એક નવી દિશા આપશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે દેશમાં સામાજિક, આર્થિક, માળખાકીય, નીતિગત સુધારાઓ દ્વારા “નયા ભારત”ના નિર્માણની નવી ગાથા શરૂ કરી છે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## કચ્છ : ખાવડા અગ્રણી નિધન

ખાવડા વિસ્તારના તુગા ગામના વતની અને ખાવડા પંથકના પીઢ આગેવાન હાજી રાયસલ નબા સમાનું ગઇકાલે સ્વાતંત્ર દિને ટૂંકી

માંદગી બાદ અવસાન થયું છે. દિવંગત આ વિસ્તારમાં ખૂબ મોટી લોકસેવાનું કાર્ય કરતા હતા.

તેઓ વર્ષ 1976માં આ વિસ્તારની ફ્લેમિંગો સિટીના શોધક ડોક્ટર સલીમ અલીને રણ માર્ગે ઊંટ ઉપર બેસાડી 35 કિમી લાંબા રણ માર્ગે પહોચાડનારી પ્રથમ વ્યક્તિ હતી. તેઓ રણ ભોમિયા તરીકે પણ જાણીતા હતા. તેમના અવસાનથી પચ્છમ અને ખાવડા વિસ્તારના હિન્દુ - મુસ્લિમ લોકોમાં શોકનો માહોલ ફેલાયો છે. દિવંગતના જનાજામાં હજારોની સંખ્યામાં જનમેદની ઉમટી પડી હતી.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------